ગાંધીનગર સમાચાર

# ગુજરાતી લોકો અત્યંત મીઠા છે, અહીંની દીકરીઓ ખૂબ સાલસ છે







## મિનીસ્ટ્રી ઑફ ઍક્સ્ટર્નલ અફૅર્સ અને મિનીસ્ટ્રી ઑફ યુથ ઍન્ડ સ્પોર્ટ્સ દ્વારા યુથ ઍક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત બાંગ્લાદેશના ૧૦૦ જેટલાં યુવક-યુવતિઓએ ગાંધીનગરની મુલાકાત લીધી

મિનીસ્ટ્રી ઑફ ઍક્સ્ટર્નલ અફૅર્સ અને મિનીસ્ટ્રી ઑફ યુથ ઍન્ડ સ્પોર્ટ્સ દ્વારા યુથ ઍક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત બાંગ્લાદેશના ૧૦૦ જેટલાં યુવક-યુવતિઓએ ગાંધીનગરની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત અગાઉ તેઓ દિલ્હી, આગ્રા અને ગુજરાતના નેનો પ્લાન્ટની મુલાકાત લઈ ચૂક્યા હતા. ગાંધીનગર ખાતે તેમણે દાંડી કુટિર તથા અડાલજની વાવની મુલાકાત લીધી હતી. રજનીકાન્ત સુથાર, યુવા દિશા કેન્દ્રના સંજીવ મહેતા, નગરસેવક અંકિત બારોટ અને યુવા અગ્રણી જયેશ ચૌધરીએ આ અતિથિઓને આદર, સન્માનપૂર્વક આવકાર્યા હતા.

બાંગ્લાદેશના આ પ્રતિનિધિ મંડળમાં શિક્ષકો, ફિલ્મમેકર્સ, ડૉક્ટર્સ, ખેલાડીઓ, ગાયકો, સૌંદર્ય સામ્રાજ્ઞી, યુવા ઉદ્યોગપતિઓ ઉપરાંત પત્રકારો પણ સામેલ હતાં. ભારતના લોકો બહુ મળતાવડાં છે, ગાંધીજી માત્ર રાષ્ટ્રપિતા નહીં પરંતુ વિશ્વપિતા છે, બંને દેશોના આ પ્રકારના સાંસ્કૃતિક આદાન-પ્રદાનથી બંને દેશોના લોકો નજીક આવશે જે બંને દેશો માટે ફાયદારૂપ નીવડશે એવા પ્રતિભાવ આ બાંગ્લાદેશી યુવા વર્ગે આપ્યા હતા. અહીંના લોકોની મહેમાનગતિ ભવ્ય હોય છે ને એમાંય ગુજરાતી લોકો અત્યંત મીઠા છે તથા અહીંની દીકરીઓ ખૂબ સાલસ છે એવો પ્રતિભાવ તેમણે ગુજરાત માટે વ્યક્ત કર્યો હતો.

### ડાયરેક્ટ ❤ સે

એક અંગ્રેજે
સ્વામી વિવેકાનંદને પૂછ્યું,
ભારતીય સ્ત્રીઓ
અન્યો સાથે
હાથ કેમ નથી મિલાવતી ?
સ્વામી વિવેકાનંદે પૂછ્યું,
શું તમારા દેશમાં
કોઈ સામાન્ય વ્યક્તિ
તમારાં મહારાણીની સાથે
હાથ મિલાવી શકે છે ?
અંગ્રેજ કહ્યું, ના.
સ્વામી વિવેકાનંદે કહ્યું,
બસ એમ જ...
અમારા દેશની દરેક સ્ત્રી
મહારાણી છે !

### જન્મદિને વધામણી



યુવરાજ પરેશભાઈ રાવળ
મો. ૯૯૯૮૫ ૫૭૨૩૩

કામધેનુ યુનિવર્સિટી દ્વારા

## હર્બલ મેડીસીનનો સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૧૧

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર તથા આયુર્વેટ લીમીટેડ, નવી દિલ્હી દ્વારા તા. ૨૯ નવેમ્બર, ૨૦૧૬ના રોજ ગાંધીનગર ખાતે 'એપ્લીકેશન ઓફ હર્બલ મેડીસીન ઈન વેટરનરી પ્રેક્ટીસ' વિષય પર સેમિનાર યોજાવામાં આવેલ. આ સેમિનાર પ્રસંગે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. એમ. સી. વાર્ષ્ણેય, આયુર્વેટ લીમીટેડ, ન્યુ દિલ્હીના ડાયરેક્ટર ડો.એ.સી. વાર્ષ્ણેય, કામધેનુ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.પી.એચ. વાટલીયા, કામધેનુ યુનિવર્સીટીના સંશોધન નિયામક ડો. ડી. બી. પાટીલ, આયુર્વેટ લીમીટેડના સી.ઈ.ઓ અનુપ કાલરા, બિઝનેસ હેડ ઈન્સ્ટીટયુશનલ રાજેશ કુમાર, ટેકનીકલ મેનેજર ડો.આશિષ સચદેવ, આણંદ વેટરનરી કોલેજના પ્રિન્સીપાલ ડો.એ.સી.ઠાકર ખાસ હાજર રહ્યા હતા. આ સેમીનારના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરતા કામધેનુ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. પી. એચ. વાટલીયા એ જણાવ્યું કે આયુર્વેદિક અને હર્બલ દવાનું પશુચિકિત્સામાં પરંપરાગત ઉપયોગ સદીઓથી થઈ રહી છે. આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.એમ.સી.વાર્ષ્ણેય એ જણાવું કે પશુચિકિત્સા અને પશુઉત્પાદનની વૃદ્ધિ માટે હર્બલ દવાઓનો ઉપયોગ પશુપાલકોને આર્થિક રીતે ફાયદાકારક થાયતો પશુપાલકોની આવક વધી શકે, ઉપરાંત દૂધ જેવા ખાદ્ય પેદાશોમાં દવાઓના અંશથી મુક્તિ હોયતો માનવ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. તેમણે વધુમાં જણાવેલ કેહર્બલ દવાઓ પણ હવે શુદ્ધીકરણ કરીને તથા પ્રાયોગિક આધાર પછી તૈયાર કરવામાં આવતી હોય તે વધુ અસરકારક સાબિત થઈ શકે. વિવિધ નિષ્ણાતો દ્વારા પશુચીકીત્સમાં આયુર્વેટની સેવાઓ, પશુધનના વ્યવસાયમાં ઉચ્ચ ગુણવતા ધરાવતા પશુઓનું મહત્વ, વાછરડી અને પાદાઓમાં પ્રાજનન વ્યવસ્થાપન વગેરે વિષયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## લાયન્સ ક્લબ ઑફ વસ્ત્રાપુર દ્વારા ખરણા ખાતે નિઃશુલ્ક તબીબી સારવાર નિદાન કૅમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

લાયન્સ ક્લબ ઑફ વસ્ત્રાપુર દ્વારા ખરણાનાં પ્રજાજનો માટે એક નિઃશુલ્ક તબીબી સારવાર નિદાન કૅમ્પનું આયોજન રવિવારે ખરણા ખાતે કરવામાં આવ્યું હતું.

આસપાસનાં ગામોમાંથી ૮૦૦ જેટલા લાભાર્થીઓએ આ કૅમ્પનો લાભ લીધો હતો. આંખ, ત્વચા, હૃદય તથા મગજના રોગોના નિષ્ણાત તબીબોએ આ કૅમ્પમાં પોતાની માનદ સેવાઓ પૂરી પાડી હતી. કૅમ્પની સાથે રક્તદાન કૅમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત પચીસ જેટલા રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કરી સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ ઉપક્રમે ૨૦૦ જેટલાં બાળકોનો બ્લડ ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો.

કૅમ્પમાં ૨૬ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ પણ કરવામાં આવી હતી, જેમને બારેજા ખાતેની હૉસ્પિટલમાં વિનામૂલ્યે ઑપરેશન માટે લઈ જવાનું કૅમ્પમાં નિયત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને સ્વાગત ગીતથી કરવામાં આવી હતી. ક્લબના પ્રમુખ જયંતિભાઈ બી પટેલે તબીબો, નાગરિકો, દાતાઓનો શાબ્દિક પરિચય આપી જણાવ્યું હતું કે સ્વ. શારદાબેન અમરતલાલ ભાવસનદાસ પટેલ પરિવારે પંચશીલ હાઈસ્કૂલ, ખરણા ખાતે કાર્યક્રમને સર્વસ્વ રીતે સફળ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

આ પ્રસંગે ભગવાનદાસ પટેલ, કૅબિનેટ ચેરમેન પ્રા. ભાસ્કરભાઈ મહેતા, જે ટી પંચાલ, ગગનભાઈ મહેતા, દિનેશ પંડ્યા, કુમાર વિક્રમાદિત્ય, વિક્રમસિંહ ચૌહાણ, મૌલિક સુરાની, હિમાંશુ પટેલ, પ્રવીણ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. દિપેશ પટેલ, ડૉ. દિશા પટેલ તથા તેમની ટીમ, ડૉ. સૌમિલ અને તેમની ટીમ, ડૉ. દર્શક ધરાજ્યા તેમજ લાયન્સ ક્લબ સંચાલિત બ્લડ બૅન્કના તબીબોએ પોતાની અમોલી સેવાઓ આ કૅમ્પ માટે આપી હતી.

ખરણા ગામના નાગરિકો ઉપરાંત ગ્રામ પંચાયતના સરપંચ, શ્રી કેળવણી મંડળના સંચાલકો, સ્કૂલના આચાર્ય સંજયભાઈ પટેલ, રમણભાઈ પટેલ અને નટુભાઈ પટેલે આ ઉમદા કાર્ય માટેપોતાનો સક્રિય સહયોગ આપ્યો હતો.

### મનોરંજન

સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
બેફિકરે
૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
૩૦ મિનટ્સ
૧૨.૦૦, ૫.૦૦
ડિયર જિંદગી
૨.૧૫, ૯.૩૦
મિશન મમ્મી
૭.૧૫
**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
કહાની-૨
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ડિયર જિંદગી
૬.૪૫




શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગોઢ ગામે ચાર ગામોનાં ૭૦ વૃધ્ધ તથા વિધવા બહેનોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્ય બાદ રુદ્રલ ગામે પણ ૫૧ વૃધ્ધોને ચોખા આપવામાં આવ્યા હતા. ઉપરાંત ત્રેપન છાપરા તથા કુસ્કી છાપરાનાં બાળકોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. ગોઢ પ્રાથમિક શાળામાં ચોપડા તથા રાયપુર અને દાવલી માધ્યમિક શાળામાં ચોપડા સાથે પ્રત્યેક વિદ્યાર્થીને બોલપૅનની ભેટ આપવામાં આવી હતી. સંસ્થા તરફથી કમલેશભાઈ, મિલિન્દભાઈ, દેવેન્દ્રભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

## ઍસઍસવી કૅમ્પસ ખાતે ફાયર ઈમર્જન્સી અંગે મોક ડ્રીલ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

ઍસઍસવી કૅમ્પસ, ગાંધીનગર ખાતે શનિવારે એ કે ઍસોસિએટ્સ કંપની, અમદાવાદ (રઘુનાથ મહતો) દ્વારા એક મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વિદ્યાર્થીઓને આગ લાગે ત્યારે 'અગ્નિશમન યંત્રો'નો કેવી રીતે ઉપયોગ કરવો તે અંગેની પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી. આ મોક ડ્રીલનું આયોજન સંસ્થાના ટ્રસ્ટી પી કે વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## જયપ્રકાશ વિદ્યાલયમાં પ્રેરણા પ્રવચન



ગાંધીનગર, તા. ૧૧

સૅક્ટર-૨૬માં કાર્યર શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે સ્વામી વિવેકાનંદના પરિવ્રાજકનું પ્રવચન યોજવામાં આવ્યું હતું. સ્વામીજીએ વિદ્યાર્થીઓને ઈશ્વર અને મહાન પુરુષોનો ભેદ સમજાવી બાળકોને જીવનમાં સુટેવોનું મહત્ત્વ સમજાવ્યું હતું. જીવન ઘડતર માટે જરૂરી સંસ્કાર પ્રવૃત્તિઓ નિયમિત કરવાના શપથ લેવડાવ્યા હતા તથા એકેશ્વર અને તેની અનંતતા વિશે બાળકોને આગવી શૈલીમાં સમજ આપી હતી.

ચારિત્ર્ય ઘડતર માટે જરૂરી સ્વયંશિસ્ત, સમાજોપયોગી માનવ કલ્યાણની પ્રવૃત્તિઓમાં સહભાગી બનવા માટે તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ધર્મ, અંધશ્રદ્ધા, મૂર્તિપૂજા, પુનર્જનમ્, મંત્ર, તંત્ર જેવા વિષયો બાબતે વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો પણ સ્વામીજીએ સંતોષકારક રીતે આપ્યા હતા.

મહેન્દ્રભાઈ ગાંધી, કાંતિભાઈ પટેલ, રામજી મુનિ, આચાર્ય શૈલેન્દ્રમિત્ર શાસ્ત્રીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સ્કૂલના આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયે આભાર દર્શન કર્યું હતું.

## પરિવાર સાથેનો સ્નેહ ને સ્વર્ગ સરીખી દુનિયા

**સંવેદના** — મારું મધુરું બાળપણ

મારું બાળપણ અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં કુન્તાપાર્ક સોસાયટીમાં સમેટાયું હતું. ઘરમાં સૌથી મોટામાં મારી ગણતરી થતી. અમે ચાર ભાઈ હતા. એમાં નાનાને કાંઈ વાંધો ન આવે પણ મોટાને સજા થતી. કારણ કે મોટાને બધી ખબર પડે એવું વડીલો માનતા.

મારી સ્કૂલ આશ્રમ રોડ ઉપર વસંત પ્રાથમિક શાળા. હાલ ત્યાં સ્કૂલ નથી. નવા વાડજથી ૭૧ નંબરની બસ લાલ દરવાજાની ને ૭૬ નંબરની બસ કાળુપુર જતી. આ અમારી રોજની બસ, જેમાં બેસીને સ્કૂલે જવાની મજા પડતી. ભાડું હતું ફક્ત પાંચ પૈસા. પાંચ પૈસા જવાના ને પાંચ પૈસા આવવાના. જે દિવસે ચાલતાં જઈએ એ દિવસે પાંચ પૈસા બચતા ને એના ખોબો ભરીને સીંગ-ચણા કે બોર મળતા હતા. સ્કૂલ બૅગ તરીકે ઍલ્યુમિનીયમની પેટી લઈ જતા, જેનો ઉપયોગ ખુરશી તરીકે પણ થઈ જતો. બસ સ્ટેન્ડ પર બસ ન આવે ત્યાં સુધી આ પેટી પર આરામથી બેસી શકાતું ને વરસાદની સામે પણ ચોપડાને રક્ષણ આ પેટીને કારણે જ મળી રહેતું હતું.

સ્કૂલથી આવીને પગથિયાં, જલેબી, ચોર-પોલીસ, સંતાકૂકડી, ક્રિકેટ, સાતોલિયું, લખોટી, ખજૂરના ઠળિયા, બાકસની છાપ રમવાની તથા ગોટલા બાફીને ખાવાની પ્રવૃત્તિઓ કરતા. રવિવારે મિત્રો ભેગા થઈને ધાબે પહોંચી જતા ને કાકડી, કેરીના કચુંબરની જ્યાફત મોજથી ઊડાવતા. સાઈકલ શીખવાની ને શીખ્યા પછી કોઈ મહેમાન ઘરે આવ્યા હોય તો એમની સાઈકલનો આંટો ખાવાની તો એવી મજા પડે કે જાણે વિમાનમાં મુસાફરી કરી હોય !

દિવાળી, ઉત્તરાયણ, હોળી, જન્માષ્ટમી, સાતમ-આઠમ જેવા તહેવારો ઉજવવાની પણ ખૂબ મજા. નવરાત્રિમાં ગબ્બર તો અચૂક બનાવવાનો, નવી-નવી સ્ટાઈલમાં ગરબા રમવાના ને લ્હાણી લેવા ઉજાગરો પણ કરવાનો !

એટલી જ ઉત્સુકતા રહેતી વૅકેશનમાં ગામડે જવાની. અલબત્ત, એ પછી આવતું રિઝલ્ટ રજાની મજા બગાડી જતું. રિઝલ્ટ આવે એટલે વડીલોનો ઠપકો જરૂર મળે ને 'જિંદગીમાં તમારું શું થશે ?' એવી ચિંતા પણ વ્યક્ત થાય.

મિત્રો સાથેની મજા, પરિવાર સાથેનો સ્નેહ ને સ્વર્ગ સરીખી દુનિયા.

આવી અઢળક અમોલી યાદોનો ખજાનો એટલે મારું મધુરું બાળપણ.

**- ઉપેન્દ્ર પટેલ, સેક્ટર-૨૮**

## ખેલ મહાકુંભ-૨૦૧૬ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ગ્રામકક્ષાએ શ્રેષ્ઠ શાળા ડભોડાની ઍમ ઍચ વિદ્યામંદિર

ગાંધીનગર, તા. ૧૧

શ્રી કેળવણી મંડળ સંચાલિત શ્રી ઍમ ઍચ વિદ્યામંદિર, ડભોડાને ખેલ મહાકુંભ-૨૦૧૬ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ગ્રામકક્ષાએ શ્રેષ્ઠ શાળાનો પુરસ્કાર ગોધરા મુકામે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત શાળાને રૂપિયા એક લાખ પચાસ હજારનો ચૅક તથા પ્રશસ્તિપત્ર પ્રાપ્ત થયું હતું.

શ્રી કેળવણી મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલ તથા આચાર્ય, શાળા પરિવાર તરફથી વ્યાયામ શિક્ષક દલસંગભાઈ ચૌધરી અને ખેલ મહાકુંભમાં સામેલ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ચાલો, ચંદ્રની મદદથી ગ્રહોને ઓળખીએ

આજના યુવાનોને તેમના અભ્યાસ ઉપરાંત અન્ય વિષયો અંગે પણ જાણવાની અભિલિષા છે. તેવો એક વિષય છે નભ દર્શન. આ અંગે તેઓની જિજ્ઞાસા સંતોષી શકે તેવા માર્ગદર્શકની આપણે ત્યાં કમી છે. આ લેખ તેમની જિજ્ઞાસાને અમુક અંશે સંતોષી શકે તે હેતુથી આપું છું.

આપણી સૂર્યમાળામાં ખગોળશાસ્ત્ર મુજબ હવે (એટલે કે થોડાં વર્ષો પહેલાં આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્રીય સમિતિ દ્વારા પ્લૂટોની ગ્રહ તરીકેની માન્યતા રદ કર્યા પછી) આઠ ગ્રહો અને ૧૦૦થી વધારે ઉપગ્રહો - ચંદ્રો છે, તે આઠ ગ્રહો પૈકી પૃથ્વી પર આપણે વસીએ છીએ, બાકીના સાત પૈકી બુદ્ધ, શુક્ર, મંગળ, ગુરુ અને શનિ નરી આંખે વર્ષની મોટા ભાગની રાત્રિઓ દરમિયાન જોઈ શકાય છે. પૃથ્વીની સૂર્ય ફરતે પ્રદક્ષિણા કારણે વર્ષદરમિયાન અમુક દિવસો સુધી દરેક ગ્રહ સૂર્યની પાછળ અને ત્યારે થોડો સમય જોઈ શકાતો નથી. આમ જયારે કોઈ ગ્રહ દેખાતો બંધ થાય ત્યારે તેનો લોપ થયો તેમ કહેવાય અને જયારે ફરી દેખાય ત્યારે દર્શન કહેવાય છે. આ અંગે વધુ વાત ન કરતાં મૂળ વિષય પર આવું.

જે પાંચ ગ્રહો નરી આંખે દેખાય છે તેમાં શુક્ર સૌથી તેજસ્વી હોવાથી તરત ઓળખાય છે. હાલ તે સૂર્યાસ્ત પછી પશ્ચિમ દિશામાં - થોડી નૈઋત્વ તરફ લગભગ નવ વાગ્યા સુધી જોઈ શકાય છે. આજે તા. ૩ને શનિવારે સાંજે શુક્ર અને ચંદ્ર પરસ્પર નજીક હશે. શુક્ર ચંદ્રથી દક્ષિણ તરફ છ અંશ જેટલે દૂર હશે. હવે આ માસ ડિસેમ્બર, ૧૬ દરમિયાન અન્ય ગ્રહોને ઓળખીએ.

- તા. ૧૨-૧૨-૧૬, ગુરુ ચંદ્રથી દક્ષિણે ૨ અંસ - પૂર્વ તરફ
- તા. ૨૩-૧૨-૧૬ ગુરુ ચંદ્રથી દક્ષિણે ૨ અંશ - પશ્ચિમ તરફ

જયારે શનિ ૨૪-૧-૧૭ના રોજ વહેલી સવારે ચંદ્રથી દક્ષિણે ૪ અંશ અને બુધ તા. ૨૫-૧-૧૭ના રોજ વહેલી સવારે ચંદ્રથી નીચે અને તા. ૨૬-૧ના રોજ ચંદ્રની ઉપર ખૂબ ઝીણો પરંતુ હીરા જેવો ચમકતો દેખાશે.

ચંદ્ર દર મહિને (ગુજરાતી વિક્રમ સંવતના મહિના) પૃથ્વી ફરતે એક પ્રદક્ષિણા પૂરી કરે છે, તેથી દર મહિને પાંચેય ગ્રહોની મુલાકાત લે છે.

**- ગૌતમ આચાર્ય**